સંત સમાગમ 2062

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત-સમાગમ

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

૮૩૧
૮૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ..... ४३१ / २६

पञ्जिका संख्या ३०६३६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦-૮૦

સંત-સમાગમ

CHECKED 1973
Initial

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

છાક પ્રમાર્ણીકરણ ૧૯૮૪-૧૯૮૫

"સંત સેવતાં સુકૃત વાધે,
સહેજે સીઝે કાજ જેને."
—પ્રીતમ

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

છ આના એપ્રિલ, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

આ સંગ્રહનું સંપાદન કરવાનું સુઝાડવાનું શ્રેય વડી સરકારની સમાજશિક્ષણ માટે આવી પુસ્તિકાઓ માટેની ઈનામી યોજનાને છે. આ વરસે પણ આવી હરીફાઈ રાખવામાં આવી છે, તે પરથી વિચાર આવ્યો કે, વિદ્યાપીઠના સેવકોએ લખેલી પ્રસિદ્ધ અપ્રસિદ્ધ વિવિધ વાનીઓમાંથી સદરહુ યોજના માગે છે તેવી વિવિધ વિષય ઉપર પુસ્તિકાઓ સંપાદિત કરવી. અને એ કામ શ્રી. મુકુલભાઈ ને સૂચવ્યું. વાચકને ખબર હશે કે, આ યોજનામાં તેમની બે ચોપડીઓ આ અગાઉ ઈનામને પાત્ર બની ચૂકી છે. તેમને આ રીતના સંપાદનની ફાવટ આવી ગઈ છે. આ ચોપડી તેમાંની એક છે. નાનાં મોટાં સૌને વાંચવી ગમે એવી છે.

સંત-સમાગમ આપણા લોકમાં એક પવિત્ર તીર્થ જ ગણાય છે. બ્રહ્માનંદે ગાયું છે તેમ, "સંત પરમહિતકારી. . . . . બ્રહ્માનંદ સંતનકી સોબત મિલત હૈ પ્રગટ મુરારી." તેથી ભક્તોએ ગાયું છે, "સંતપદાચી જોડ, દે દે હરિ!" કારણ કે, "સંતસમાગમેં આત્મસુખાચા સુંદર ઉગવે મોડ." સંત સમાગમનો આવો ભારે મહિમા આપણી સંસ્કૃતિએ ગાયો છે.

આ ચોપડીમાંથી હિંદના ૬ મશહૂર સંતોનો પરિચય મળશે. તેમની વાણી હિંદના અર્વાચીન ધર્મનું હાડ છે; તેણે આપણી આમ પ્રજાનો અધ્યાત્મ-દેહ ઘડ્યો છે. એ વાનીમાંથી પણ પ્રસાદીરૂપે થોડું કંઈક આપવામાં આવ્યું છે. એમ આ સંપાદન એ છ સંતોનો ટૂંકમાં અને સરળ ભાષામાં પરિચય કરાવશે એવી આશા છે. એ જ ઢબે બીજા સંતોને માટેય આગળ સંપાદન કરવા વિચાર છે.

૩-૪-'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩
૧. નરસિંહ મહેતા	૫
૨. દાદુ દયાળ	૧૪
૩. કબીર અને નાનક	૧૮
૪. સંત તુકારામ	૩૦
૫. રામદાસ સ્વામી	૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

નરસિંહ મહેતા



'નરસિંહ મહેતાનું નામ તમે સાંભળ્યું છે?'

હા જી. 'વૈષ્ણવજન તો તેને કહીએ' એ ભજન અમને આવડે છે. તેમાં એમનું નામ આવે છે.

'નરસિંહ મહેતા કોણ હતા?'

એ ભગવાનના ભક્ત હતા.

'એ કયાં રહેતા હતા?'

એ જૂનાગઢમાં રહેતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જૂનાગઢ ક્યાં આવ્યું?'

સૌરાષ્ટ્રમાં ગિરનાર પર્વતની તળેટીમાં.

'નરસિંહ મહેતાની કંઈ વાતો તમે જાણો છો?'

હા જી. નરસિંહ મહેતા નાનપણમાં ઘર છોડી ચાલી નીકળ્યા. તે મહાદેવના મંદિરમાં જઈ તપ કરવા લાગ્યા. સાતમે દહાડે મહાદેવજીએ તેમને દર્શન દીધાં અને શ્રીકૃષ્ણનાં ભજન ગાવાનો ઉપદેશ આપ્યો. ત્યારથી તેમણે રાતદિવસ ભગવાનની ભક્તિ કરવા માંડી.

નરસિંહ મહેતાનાં સગાંને આ ગમતું નહિ. તેઓ એમને બહુ પજવતાં.

પણ નરસિંહ મહેતા તો કશાની પરવા કર્યા વગર ભજન કર્યા કરતા. તેમના દીકરાનો વિવાહ કરવાનો આવ્યો. તેમની દીકરીનું મામેરું કરવાનું થયું. પણ મહેતા તો ભજન જ કર્યા કરે. એ બધા અવસરો છેવટે પાર પડ્યા. ભક્તની ભીડ ભગવાને ભાગી.

આવી આવી ઘણી વાતો અમે સાંભળી છે.

વળી, 'કુંવરબાઈનું મામેરું', 'નરસિંહ મહેતાની હૂંડી' વગેરે આખ્યાનો ઘણાં જાણીતાં છે. તે બધાં અમે સાંભળ્યાં છે.

'તમે તો નરસિંહ મહેતાની ઘણી વાતો સાંભળી છે.'

તેમને વિષે બીજી પણ એક વાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શી?'

નરસિંહ મહેતા ઢેડને ત્યાં પણ ભજન કરવા જતા.

'તેમાં શું? આપણેયે એમને ઘેર જઈએ છીએ.'

હા, પણ પહેલાં આવું ન હતું. પહેલાં બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર વગેરે લોકો ઢેડ, ભંગી, ચમાર વગેરે ન્યાતોને અડતા નહિ. અડી જવાય તો નાહતા. પરંતુ મહાત્મા ગાંધીજીએ આપણને શીખવ્યું કે, એ બધા ભાઈઓ પણ હરિજન છે, એટલે કે હરિનાં બાળકો જ છે. તેમનેં ન અડીએ એ કેમ ચાલે? પરંતુ નરસિંહ મહેતા તો તે વખતે પણ આવી આભડછેટમાં માનતા ન હતા. તે તો કહેતા, 'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર'.

'તમે ઠીક વાત કહી. ચાલો, હું તમને એ પ્રસંગ કહી સંભળાવું:—

'એક દહાડો જૂનાગઢના અસ્પૃશ્ય ગણાતા લોકોએ નરસિંહ મહેતાને પોતાને આંગણે આવી ઓચ્છવ કરવાની વિનંતી કરી. હરિના ભગતનું તેડું પાછું કેમ ઠેલાય? એટલે મહેતાજી ઢેડવાડે ગયા ને ત્યાં ઓચ્છવ કરી આવ્યા. નાગર લોકો જ્યારે આ જાણ્યું, ત્યારે તે ખૂબ ગુસ્સે થયા: "નાગર થઈને ઢેડવાડે ગયો! આ તે કેવો અધર્મ!" —એમ તેઓ કહેવા લાગ્યા. નાગર નાતે તેને સારુ મહેતાજીનો જવાબ માગ્યો. મહેતાજીએ તેનો જે જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યો તે અને તે વિષેનો આખો પ્રસંગ મહેતાજીએ બે સુંદર ભજનોમાં ગાયો છે, તે તમને સંભળાવું :—



દામોદર કુંડ, જૂનાગઢ

૧

ગિરિ તળાટી ને કુંડ દામોદર,
ત્યાં મહેતાજી નાહવા જાય;
ઢેડ વરણમાં દૃઢ હરિભક્તિ,
તે પ્રેમ ધરીને લાગ્યા પાય. ૧
કર જોડીને પ્રાર્થના કીધી,
વિનતિ તણાં બહુ વદ્યા રે વચન :
'સંતપુરુષ, અમ અરજ એટલી —
અમારે આંગણે કરો રે કીર્તન; ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ-પદારથ અમો પામીએ,
વામીએ જન્મ-મરણજંજાળ.'
કર જોડતામાં કરુણા ઊપજી,
મહેતોજી વૈષ્ણવ પરમ દયાળ. ૩
'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર,
સમદૃષ્ટિને સર્વ સમાન;
ગૌમૂત્ર તુલસીવૃક્ષ લીંપને,'
એવું વૈષ્ણવે આપ્યું વાગ્દાન. ૪
મહેતાજી નિશાએ આવ્યા,
લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ;
ભોર થયા લગી ભજન કીધું,
સંતોષ પામ્યા સહુ વૈષ્ણવ. ૫
ઘેર પધાર્યા હરિજશ ગાતા,
વાતા તાલ ને શંખ મૃદંગ;
હસી હસી નાગર તાળીઓ લે છે,
'આ શા રે બ્રાહ્મણના ઢંગ!' ૬
મૌન ગ્રહી મહેતાજી ચાલ્યા,
'અધવધરાને શો ઉત્તર દઉં!'
જાગ્યા લોક નરનારી પૂછે:
'મહેતાજી, તમે એવા શું? ૭
નાત ન જાણો ને જાત ન જાણો,
ન જાણો કાંઈ વિવેક વિચાર.'
કર જોડીને કહે નરસૈંયો,
'વૈષ્ણવ તણો મને છે આધાર.' ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

એવા રે અમો એવા રે એવા,
તમે કહો છો વળી તેવા રે. ધ્રુવ
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો
કરશું દામોદરની સેવા રે. એવા૦ ૧
જેનું મન જે સાથે બંધાણું,
પહેલું હતું ઘર-રાતું રે;
હવે થયું છે હરિરસ-માતું,
ઘેર ઘેર હીંડે છે ગાતું રે. એવા૦ ૨
સઘળા સાથમાં હું એક ભૂંડો,
ભૂંડાથી વળી ભૂંડો રે;
તમારે મન માને તે કહેજો,
નેહ લાગ્યો છે મને ઊંડો રે. એવા૦ ૩
કરમ ધરમની વાત છે જેટલી,
તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જે થકી પામે,
મારા પ્રભુની તોલે નાવે રે. એવા૦ ૪
હળવાં કર્મનો હું નરસૈંયો,
મુજને તો વૈષ્ણવ વહાલા રે;
હરિજનથી જે અંતર ગણશે,
તેના ફોગટ ફેરા ઠાલા રે. એવા૦ ૫

'નરસિંહ મહેતાએ કૃષ્ણભક્તિનાં ઘણાં કાવ્યો લખેલાં છે. તેમનાં પ્રભાતિયાં ખૂબ જાણીતાં છે. નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના આદ્ય કવિ ગણાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરસિંહ મહેતાની વાણી

૧

વૈષ્ણવ જન તો તેને કહીએ,
જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે. ધ્રુવ

સકળ લોકમાં સહુને વંદે,
નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે,
ધન ધન જનની તેની રે. ૧

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી,
પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે,
પરધન નવ ઝાલે હાથ રે. ૨

મોહ માયા વ્યાપે નહિ જેને,
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામશું તાળી લાગી,
સકળ તીરથ તેના તનમાં રે. ૩

વણલોભી ને કપટરહિત છે,
કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં,
કુળ એકોતેર તાર્યાં રે. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

નારાયણનું નામ જ લેતાં
વારે તેને તજીએ રે;
મનસા વાચા કર્મણા કરીને
લક્ષ્મીવરને ભજીએ રે. ધ્રુવ

કુળને તજીએ, કુટુંબને તજીએ,
તજીએ મા ને બાપ રે;
ભગિની સુત દારાને તજીએ,
જેમ તજે કંચુકી સાપ રે. ૧

પ્રથમ પિતા પ્રહ્લાદે તજિયો,
નવ તજિયું હરિનું નામ રે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા,
નવ તજિયા શ્રીરામ રે. ૨

ઋષિ-પત્નીએ શ્રીહરિ કાજે,
તજિયા નિજ ભરથાર રે;
તેમાં તેનું કંઈયે ન ગયું,
પામી પદારથ ચાર રે. ૩

વ્રજ-વનિતા વિઠ્ઠલને કાજે,
સર્વ તજીને ચાલી રે;
ભણે નરસૈંયો વૃન્દાવનમાં,
મોહન સાથે મહાલી રે. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

જે ગમે જગત-ગુરુ દેવ જગદીશને
તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે,
ઊગરે એક ઉદ્વેગ ધરવો. ૧

હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કોઈક જાણે. ૨

નીપજે નરથી તો કોઈ ના રહે દુઃખી,
શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહિ,
ભવન પર ભવન પર છત્ર દાખે. ૩

ઋતુ લતા પત્ર ફળ ફૂલ આપે યથા,
માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તે જ પહોંચે. ૪

ગ્રંથ ગડબડ કરી વાત ન કરી ખરી;
જેહને જે ગમે તેને પૂજે,
મન કર્મ વચનથી આપ માની લહે;
સત્ય છે એ જ મન એમ સૂઝે. ૫

સુખ સંસારી મિથ્યા કરી માનજો,
કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે,
જન્મ પ્રતિજન્મ હરિને જ જાચું. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

દાદુ દયાળ

ભક્ત દાદુ દયાળનો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૫૪૪માં થયો હતો. તે જાતે પીંજરા હતા. પરંતુ ભગવાનની ભક્તિમાં તેમનું મન લાગેલું જોઈ સૌ કોઈ તેમની નાતજાત ભૂલી ગયું; અને હિંદુ તેમ જ મુસલમાન સૌ તેમના શિષ્ય બન્યા.

દાદુ શી રીતે ભક્ત થયા, તેની એક વાત છે. એક દિવસ પાછલે પહોરે વરસાદ પડતો હતો. દાદુ ઘરમાં કાસનું ચામડું સીવી રહ્યા હતા. એવામાં એક સાધુ પુરુષ વરસાદથી બચવા તેમની ઝૂંપડી બહાર છાપરી નીચે આવીને ઊભા રહ્યા. તેમને જોઈને દાદુ ઝૂંપડી બહાર આવ્યા અને બોલ્યા, "બાબા, બહાર શા માટે ભીંજાઓ છો ? અંદર આવોને ! મારા જેવા માણસના ઘરમાં આવવાનો આપને વાંધો તો નથીને ?"

સાધુ પુરુષ બોલ્યા : "અમે તો ભગવાનના દાસ છીએ. અમારે મન બધાં માણસો સરખાં છે. એક ઊંચું અને બીજું નીચું, એવું અમે માનતા નથી."

એમ કહી તે સાધુ પુરુષ અંદર આવીને બેઠા. થોડી વાર પછી દાદુએ તેમના તરફ જોયું તો તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખમાં આંસુ હતાં! દાદુને થયું કે, 'મેં તેમને બેસવા ચામડું આપ્યું, એટલે તેમને દુઃખ થયું હશે?' દાદુ હાથ જોડીને બોલ્યા, "બાબા, મેં જાણીજોઈને આપને અભડાવવા ખાતર આ ચામડું પાથર્યું નથી. હું ગરીબ માણસ છું. મારા ઘરમાં બેસવા માટે બીજું શું હોય?"

સાધુ પુરુષ બોલ્યા : "ભાઈ, તેં મને બેસવા માટે ચામડું આપ્યું, તેથી મને જરાયે દુઃખ થયું નથી. પણ મને એક વાત યાદ આવી. તેં મને બહાર ઊભેલો જોયો કે તરત અંદર બોલાવ્યો અને બેસવા આસન આપ્યું. પરંતુ મારો પ્રભુ કેટલાય જન્મોથી મારા હૃદયને બારણે આવીને ઊભો છે, પણ હું તેને અંદર બોલાવતો નથી તથા બેસાડતો નથી. તે વાત યાદ આવવાથી મને આંસુ આવ્યાં છે."

દાદુએ પૂછ્યું — આપના પ્રભુ કોણ છે?

સાધુ પુરુષ — બધાના જે પ્રભુ છે તે જ મારા પણ પ્રભુ છે.

દાદુ — શું તે મારા પણ પ્રભુ છે? અને મારા હૃદયને બારણે પણ ઊભા છે?

સાધુ પુરુષ — હા ભાઈ.

વરસાદ થંભી ગયો એટલે સાધુ પુરુષ તો પોતાને રસ્તે પડ્યા. પરંતુ તેમની વાત સાંભળીને દાદુને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં થયું કે, હું શી રીતે મારા પ્રભુને મારા હૃદયમાં પધરાવું ?

પછી તો તે કાશી, બિહાર, બંગાળ વગેરે સ્થળોએ ફર્યા અને અનેક સાધુસંતોને મળ્યા. એમ કરતાં જ્યારે તેમને શાંતિ થઈ, ત્યારે ૩૦ વર્ષની ઉંમરે જયપુર પાસેના સાંભર ગામમાં તે આવ્યા; અને ત્યાં રહેવા લાગ્યા. દિવસે તે પોતાનો ધંધો-રોજગાર કરી ગુજરાન ચલાવતા. રોજ સાંજે કામકાજ પૂરું થાય પછી તે ભજન કરતા. તે વખતે ઘણા લોકો તેમની પાસે આવી બેસતા. એક વખત અકબર બાદશાહ પણ દાદુનો ઉપદેશ સાંભળવા દિલ્હીથી આવ્યા હતા.

આમ આશરે ૬૦ વર્ષનું જીવન ગાળી ઈ. સ. ૧૬૦૩માં રજપૂતાનાના નરાણા નામે ગામમાં તેમણે દેહત્યાગ કર્યો.

એમણે હિંદીમાં ભજનો લખ્યાં છે. એમાંથી નીચે થોડાક દોહા આપ્યા છે.

દાદુની વાણી

અપની અપની જાંતિસૌં, સબકો બૈસેં પાંતિ,
દાદૂ સેવક રામકા, તાકૈ નહીં ભરાંતિ. ૧

સબ દેખ્યા હમ સોધિ કરી, દૂજા નાહિ આન,
સબ ઘટ એકૈ આતમા, ક્યા હિંદુ મુસલમાન. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાહે કૌં દુખ દીજિયે, સાંઈ હૈ સબ માંહિ,
દાદૂ એકૈ આતમા, દૂજા કોઈ નાહિ. ૩
કોઈ દૌડે દ્વારિકા, કોઈ કાસી જાંહિ,
કોઈ મથુરાકો ચલૈ, સાહિબ ઘટ હી માંહિ. ૪
દાદૂ સિરજનહારકે કેતે નામ અનંત,
ચિત આવે સો લિજિયે, યૌં સાધુ સુમિરૈ સંત. ૫

[બધા પોતપોતાની જાતવાળા સાથે એક પંગતમાં બેસે છે. પરંતુ રામના સેવક દાદુને એવી (જાત-પાંતની) ભ્રાંતિ નથી. (૧)

અમે બધું શોધીને જોયું, ક્યાંય બીજું કશું જડ્યું નહિ: હિંદુ કે મુસલમાન — સૌના શરીરમાં એક જ પરમાત્મા રહેલો છે. (૨)

બીજા કોઈને શા માટે દુઃખ આપીએ? સાંઈ — પરમાત્મા સૌમાં રહેલો છે. હે દાદુ, આત્મા એક જ છે, બીજો કોઈ નથી. (૩)

કોઈ દ્વારિકા દોડે છે, કોઈ કાશી જાય છે, તો કોઈ મથુરા જાય છે; પરંતુ સાહેબ એટલે પરમાત્મા તો આપણા શરીરમાં જ છે. (૪)

હે દાદુ, સરજનહારનાં કેટલાં — અનંત નામ છે! તેમાંથી જે મનમાં આવે તે નામ લેવું. સંતસાધુ એ રીતે જ (પરમાત્માનું) સ્મરણ કરે છે. (૫)]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

કબીર અને નાનક

૧

આપણા દેશમાં ૧૨મા થી ૧૬મા સૈકા સુધીના ગાળામાં જે અનેક સંતો થઈ ગયા, તેમાં કબીર અને નાનકનાં નામ વિશેષ પ્રખ્યાત છે. એ વર્ષોનો ગાળો એટલે આપણે ત્યાં ઇસ્લામ ધર્મ અને મુસલમાનોનું રાજ્ય વધવાનો સમય. કબીર અને નાનક પોતાના જમાનાના હિંદુ તથા મુસલમાન બેઉ લોકોમાં પ્રિય હતા. એમના અનુયાયીઓમાં બેઉ ધર્મના લોકો જોવામાં આવે છે. આ બેઉ મહાત્માઓના અવસાન વિષે એકસરખી લોકકથા ચાલે છે, તે પરથી તમને આ સ્પષ્ટ સમજાશે.

કબીરજીએ જ્યારે દેહ છોડી, ત્યારે તેમના હિંદુ અને મુસલમાન ચેલાઓમાં વાદવિવાદ ચાલ્યો : હિંદુઓ કહે, 'અમારા ગુરુના શબને અમે અગ્નિદાહ દઈશું.' કબીરજીના મુસલમાન ભક્તો કહેવા લાગ્યા, 'ના, અમે એમને કબરમાં દાટીશું.' પછી તો આ વાદવિવાદ વધી પડ્યો. વચમાં પડી એક ભલા ભક્તે કહ્યું, 'ભાઈઓ, એક ગુરુના ચેલાઓ આમ લડે એ તો શોભાવનારું ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય. ચાલો, પહેલાં આપણે સૌ આપણા પ્રિય ગુરુજીનાં દર્શન કરીએ.'

દર્શન કરવાને માટે, શબ પર ઓઢાડેલી ચાદર કે કફન ખસેડવામાં આવ્યું, ત્યારે નવાઈ પમાડે એવો એક ચમત્કાર સૌએ જોયો: ચાદર નીચેથી શબને બદલે ફૂલોનો ઢગ નીકળ્યો! ઝઘડાનો અંત સહેલો થઈ ગયો: અર્ધાં ફૂલ હિંદુઓએ અને અર્ધાં ફૂલ મુસલમાનોએ લીધાં. આ વાત પરથી એટલું જણાય છે કે, કબીરજી હિંદુ મુસલમાન બેઉ કોમમાં માનીતા હતા.

આવી જ વાત ગુરુ નાનકના અવસાન વિષે પણ કહેવાય છે. એમને વિષે આ જ અર્થ બતાવનારો એક લૌકિક દુહો પણ અત્યાર સુધી બોલાય છે:

'ગુરુ નાનક શાહ ફકીર,
હિંદુકા ગુરુ, મુસલમાનકા પીર.

૨

કબીર અને નાનકમાં કબીર પહેલા થયા હતા. તેમનો જન્મ ઈ. સ. ૧૩૯૮ની સાલમાં એક વિધવા બ્રાહ્મણીને પેટે થયો હતો, એમ કહેવાય છે. તે બ્રાહ્મણીએ પોતાની શરમ છુપાવવાને માટે, બાળક કબીરને જન્મતાં વેંત છોડી દીધા. કાશી પાસે રહેતાં, નીમા અને નીરુ નામનાં એક મુસલમાન વણકર દંપતીએ એ બાળકને જોયું અને તેને પોતાને ઘેર આણ્યું. તેમણે તેને ઉછેરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મોટું કર્યું. આ રીતે, કબીરજીનાં પાલક માતાપિતા મુસલમાન વણકર હતાં. કેટલાક કહે છે કે, એ જ એમનાં જન્મ દેનારાં માતાપિતા હતાં. એ વિષે ખરું શું હશે તે નક્કી કરવું અઘરું છે. પરંતુ એટલી વાત સૌ માને છે કે, તે મુસલમાન વણકરને ત્યાં ઊછર્યા હતા, અને વણકરીથી પોતાનો નિર્વાહ ચલાવતા હતા.

કબીરના સમયમાં રામાનંદ કરીને એક પ્રખ્યાત સંતપુરુષ કાશીમાં પોતાના મઠમાં રહેતા હતા. સૌ વર્ણના હિંદુઓ તેમના શિષ્ય થઈ શકતા હતા. હજામ, જાટ, ખેડૂત, ચમાર, ગરાસિયા વગેરે પણ એમના શિષ્યો હતા. નાનપણથી કબીર ધર્મપરાયણ હતા. એમણે વિચાર કર્યો, મારે રામાનંદના શિષ્ય થવું જોઈએ. પરંતુ મુસલમાન ગણાતા કબીરને કોણ મંત્ર આપે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
गुरुकुल कांगड़ी

રામાનંદ રોજ પરોઢિયે ગંગા પર સ્નાનસંધ્યા કરવા આવતા. કબીર એક દિવસ એમના માર્ગમાં ગંગા-ઘાટના એક પગથિયા ઉપર વચ્ચે સૂતા. અંધારામાં રામાનંદનો પગ એમના ઉપર પડ્યો, અને મોઢામાંથી ઉદ્‌ગાર નીકળ્યો, 'અરે રામ, કોઈ કચડાયું કે શું?' કબીરજી તરત ઊઠીને ઊભા થઈ ગુરુજીને સાષ્ટાંગ નમસ્કાર કરી ઘેર ગયા. ત્યારથી એમણે માની લીધું કે, મને ગુરુજીએ રામ-મંત્ર આપ્યો અને ચરણરજથી પાવન કર્યો. પછી એ મંત્ર જપતા જપતા તે પોતાની સાધના કરવા લાગ્યા.

તમે જાણો છો કે, કબીરનાં ભજનો ખૂબ લોકપ્રિય છે. રાવણહથ્થાવાળા ભરથરી જેવા સામાન્ય લોકથી માંડીને કવિવર રવીન્દ્રનાથ ટાગોર સુધીના વિધવિધ લોકોને કબીરજીનાં ભજનો વહાલાં છે. તે બધાં લોકભાષા હિંદીમાં છે. તેમની સચોટ ભાષા સૌને મુગ્ધ કરે છે, અને મધુર સંગીતમાં તે ગવાય છે. તેથી તેમના ભાવો પણ તરત મન પર ચોંટી જાય છે.

ગુરુ નાનક પણ મોટા ભજનિક હતા. તે પણ ભજનો લલકારતા. મીરાંબાઈ, નરસિંહ મહેતા, કબીર, દાદુ, નાનક, સુરદાસ, તુલસીદાસ, તુકારામ વગેરે અનેક ભક્તોનાં પદોની સાદી લોકભાષા અને મધુર સંગીત એ તેમની એક મોટી ખાસિયત છે. તેથી તે પદો આમ-

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનતામાં ખૂબ પગપેસારો કરી શક્યાં છે. કબીર નાનકની મહત્તા પણ એ જ વસ્તુમાં રહેલી છે. ઈશ્વર એક જ છે, આપણે તેની ભક્તિ કરવી જોઈએ, તથા સાદું મહેનતુ અને નીતિપરાયણ જીવન ગાળવું જોઈએ, એ આ બધા ભક્તોનો સાદો ઉપદેશ હતો. અને એ ઉપદેશ તેઓ નાત-જાત કે પંથોના વાડાઓના ખ્યાલ વગર મનુષ્યમાત્રને આપતા. આજ પણ સામાન્ય વર્ગોમાં કબીરજીના અનેક અનુયાયીઓ છે; તેઓ તંબૂરા અને મંજીરા સાથે ભજનો ગાય છે, તથા કબીરજીની વાણીના 'બીજક' નામના ગ્રંથનો પાઠ કરે છે. તેઓ કબીરપંથી કહેવાય છે.

ગુરુ નાનકના અનુયાયી શીખ કહેવાય છે. તેઓ પોતાને એક અલગ કોમ કહેવડાવે છે. તેમનું મૂળ રહેઠાણ પંજાબ પ્રાંત છે. હવે તેમના આદ્યગુરુ નાનકની થોડીક વાતો જાણીએ.

૩

ગુરુ નાનકનો જન્મ ઈ. સ. ૧૪૬૯માં લાહોર પાસે આવેલા તલવંડી કરીને એક નાના ગામમાં થયો હતો. આ ગામને આજ નાનકાના કહેવામાં આવે છે. પોતાના આદ્યગુરુના જન્મસ્થાન તરીકે શીખ લોકો તેને યાત્રાનું ધામ ગણે છે. તેમનો દેહાંત ઈ. સ. ૧૫૩૯માં કરતારપુર કરીને એક ગામમાં થયો હતો. આ કરતારપુર ગામ ગુરુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનકે જ વસાવ્યું હતું, અને જીવનનાં છેલ્લાં વરસોમાં તે ત્યાં ખેડૂત તરીકે રહેતા હતા. તે ગામ પણ શીખ લોકોનું યાત્રાનું એક સ્થળ છે.

ગુરુ નાનક જન્મે હિંદુ હતા અને વિચારે સુધારક હતા. તેમને નાનપણથી ધર્મનું ખરું રહસ્ય જાણવાની તાલાવેલી હતી. આપણા નરસિંહ મહેતાની પેઠે, તે પણ ભણવાને બદલે નાનપણમાં સાધુસંતોમાં જ ભમતા, તેમની સેવાચાકરી કરતા, અને એમાં જ આનંદ માણતા. આથી તેમણે શાળાનું ભણતર તો ખાસ કાંઈ ન મેળવ્યું, પણ દુનિયા બહુ જોઈ. તેમાંથી તે ચકોર અને વિચારવંત પુરુષ સમજી ગયા કે, ખરા ધર્મ જેવી વસ્તુ આજે એકે ધર્મી પાસે નથી રહી; ધર્મને નામે તેનો આડંબર જ ચાલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુલતાનપુર કરીને એક ગામમાં નાનકનો બનેવી સરકારી નોકરીમાં હતો. તેની સિફારસથી નાનકને પણ ત્યાંના સૂબાના કોઠારીની નોકરી મળી હતી. તેથી નાનક ઉંમર લાયક થયા પછી સુલતાનપુરમાં રહેતા. તે રોજ સવારે નદીએ સ્નાનસંધ્યા કરવા જતા અને નોકરીના સમય પછી સંતસમાગમમાં વખત ગાળતા. આવી તેમની દિનચર્યા જોઈને સૌ કોઈ એમને સાધુ પુરુષ માનતા.

એક દહાડો સવારે તે સંધ્યા કરવા ગયા હતા. ત્રણ દિવસ થયા છતાં ઘેર પાછા ન આવ્યા. તે પરથી લોકોએ માન્યું કે એ મરી ગયા. પણ ચોથે દિવસે એ તો આવી પહોંચ્યા. લોકોએ પૂછાપૂછ કરવા માંડી કે, ક્યાં ગયા હતા, ક્યાં ગયા હતા?

પરંતુ નાનક તો મોંમાંથી એકે અક્ષર જ ન કાઢે! બધાને લાગ્યું કે, એ તો ગાંડા થઈ ગયા.

પણ બન્યું હતું એમ કે, એ ત્રણ દિવસના એકાંતમાં નાનકને ધર્મનું રહસ્ય લાધ્યું હતું. એક અકાલ સત્યરૂપ પ્રભુ છે, અને બાકી બધું કૃંદ છે, એમ તે સમજ્યા હતા.

બીજે દિવસે નાનકે એક જ વાક્ય કહ્યું, 'કોઈ હિંદુ નથી કે કોઈ મુસલમાન નથી.' અને પછી ફકીરનાં વસ્ત્ર ધારણ કરીને એ સુલતાનપુરથી ચાલી નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તે દેશાટન કરવા લાગ્યા. તે જમાનામાં દેશાટન કરવું એટલે અનેક તીર્થધામોમાં ફરવું. નાનક આખા દેશમાં ફરી વળ્યા એટલું જ નહિ, પરંતુ તે મક્કા સુધી પણ જઈ આવ્યા હતા, એમ ઇતિહાસકારો બતાવે છે.

એક વખત તે હરદ્વારમાં હતા, ત્યારે ત્યાં મોટો મેળો હતો. નદીના પાણીમાં ઉગમણે મોઢે ઊભા રહી લોક પિતૃઓને પાણીની અંજલિ આપતા હતા. નાનકે આથમણી બાજુ મોં કરી પોશે પોશે પાણી દેવા માંડ્યું. પાસે ઊભેલા પંડાઓ આ જોઈને પૂછવા લાગ્યા, 'એ અલ્યા, આ શું કરે છે?'

ઠંડે કલેજે નાનકે જવાબ આપ્યો, "મારા ગામના ખેતરને પાણી પાઉં છું."

"અરે બેવકૂફ, ગામના ખેતરને અહીંથી પાણી કેવી રીતે મળે?" પંડાઓએ હસીને કહ્યું.

નાનક કહે, "કેમ? જો તમે પેલા લોકોના પિતૃઓને સ્વર્ગ સુધી પાણી મોકલાવી શકો છો, તો મારું ખેતર તો પાસે જ છે!"

આવા આવા તો અનેક મજેદાર પ્રસંગો નાનકની યાત્રામાં બન્યા હતા. મક્કાનો એક પ્રસંગ જાણવા જેવો છે. ગુરુ નાનક મક્કામાં ગયા, ત્યારે એક દિવસ રાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મક્કાના પવિત્ર પથ્થર કાબાની મસ્જિદમાં સૂતા હતા. સવારમાં એક મોલવીએ જોયું કે, કોક મુસાફર કાબા તરફ પગ કરીને સૂતો છે. તે નાનક પોતે હતા. પેલા મુલ્લાંએ નાનકને કહ્યું : "એ મુસાફર, તું કેમના પગ કરીને સૂતો છે, એનું તને ભાન છે? કાબા તરફ તે કદી પગ થાય?"



અમૃતસરનું સુવર્ણમંદિર

નાનકે કહ્યું : "ભાઈ, ત્યારે જે બાજુ ઈશ્વરનું ધામ ન હોય તે તરફ તું મારા પગ કરી દે."

એ સાંભળી મુલ્લાંને ગુસ્સો ચઢ્યો અને એણે પગ પકડીને તેમને બીજી બાજુ ફેરવી દીધા. પણ આ શો ચમત્કાર! મુલ્લાંને હવે તે બાજુ કાબા દેખાવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે એણે વળી પગ ફેરવ્યા. ફરી પણ એમ જ દેખાય! મુલ્લાં ગભરાયો. તેને થયું કે, આ કોઈ ઈશ્વરનો આલિયો છે. તેણે નાનકની ક્ષમા માગી. નાનકે તેને ધર્મનું સાચું રહસ્ય સમજાવ્યું: અમુક ક્રિયા કરવી કે ન કરવી, અમુક ખાવું કે ન ખાવું, એવી બાબતો ઉપર ધર્મનો ખરો આધાર નથી.

આ પ્રમાણે નાનક, આ હિંદુ અને આ મુસલમાન, એવા કશા ભેદભાવ વગર લોકોને સત્યધર્મ સમજાવતા. આ બાબતમાં નાનક અને કબીર બેઉ એકસરખા વર્તનવાળા હતા. કોમ કોમ વચ્ચે, પંથ પંથ વચ્ચે, ધર્મની સાચી સમજ મારફતે આમ મેળ સાધવાનો એમનો અમર સંદેશો આજ પણ યાદ રાખવા જેવો છે.

કબીરની વાણી

૧

ગુરુ બિન કૌન બતાવે બાટ?
બડા વિકટ યમઘાટ. ધ્રુવ

ભ્રાંતિકી પહાડી નદિયા બિચમેં,
અહંકારકી લાટ. ૧

કામ ક્રોધ દો પર્વત ઠાઢે,
લોભ ચોર સંઘાત. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદ મત્સરકા મેહ બરસત,
માયા પવન બહે દાટ. ૩
કહત કબીર સુનો ભાઈ સાધો,
કયોં તરના યહ ઘાટ. ૪

૨

શૂર સંગ્રામકો દેખ ભાગૈ નહીં;
દેખ ભાગૈ સોઈ શૂર નાહીં. ૧
કામ ઔ' ક્રોધ, મદ, લોભસે જૂઝના;
મૈંડા ઘમસાન તહઁ ખેત માહીં. ૨
શીલ ઔ' સૌચ, સંતોષ સાહી ભયે;
નામ સમસેર તહઁ ખૂબ બાજે. ૩
કહૈ કબીર કોઈ જૂઝિ હૈ શૂરમાં;
કાયરઁ ભીડ તહઁ તુરત ભાજૈ. ૪

નાનકની વાણી

૧

સાધો મનકા માન ત્યાગો;
કામ ક્રોધ સંગત દુર્જનકી,
તાતે અહનિસ ભાગો. ધ્રુવ
સુખ દુખ દોનોં સમ કરિ જાનૈ,
ઔર માન અપમાના;
હર્ષ શોક તે રહૈ અતીતા,
તિન જગ તત્ત્વ પિછાના. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્તુતિ નિંદા દોઊ ત્યાગે,
ઓજૈ પદ નિરવાના,
જન નાનક યહ ખેલ કઠિન હૈ,
કોઊ ગુરુમુખ જાના. ૨

૨

કાહે રે! બન ખોજન જાઈ;
સર્વ-નિવાસી સદા અલેપા,
તોહી સંગ સમાઈ. ધ્રુવ

પુષ્પ મધ્ય જ્યોં બાસ બસત હૈ,
મુકુર માહિં જસ છાઈ;
તૈસે હી હરિ બસૈં નિરંતન,
ઘટ હી ખોજો ભાઈ. ૧

બાહર ભીતર એકૈ જાનો,
યહ ગુરુ જ્ઞાન બતાઈ;
જન નાનક બિન આપા ચીન્હે,
મિટૈ ન ભ્રમકી કાઈ. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

સંત તુકારામ

મહારાષ્ટ્રના પ્રખ્યાત સંત તુકારામનો જન્મ પૂના શહેરથી થોડે દૂર આવેલા દેહુ નામના ગામમાં ઈ. સ. ૧૫૯૮ના અરસામાં થયો હતો. તેમનાં માતાપિતા શ્રીવિઠ્ઠલનાં — વિઠોબાનાં ભક્ત હતાં. ભગવાનની પ્રેમથી અને ભાવપૂર્વક પૂજા કરવી તથા દાનધર્મ કરવાં, એ તેઓને ખૂબ જ ગમતું. આની અસર તુકારામના જીવન ઉપર બાળપણથી પડી હતી.

બાળક તુકારામને હુતુતુ વગેરે રમતો રમવી ગમતી. પણ તેમની સૌથી પ્રિય રમત તો માટીનાં વિઠ્ઠલ અને રખુમાઈ બનાવી તેમની પૂજા કરવી એ હતી. પોતાના બાલમિત્રોને ભેગા કરી ભજનો ગાવાં અને ભજનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્યક્રમ પૂરો થાય એટલે સૌને પ્રસાદ વહેંચવો, એમાં તેમને મજા પડતી. તુકારામની શ્રીવિઠ્ઠલ માટેની આવી ભક્તિ જોઈને તેમનાં માતાપિતાને આનંદ થતો.

તુકારામ વિદ્યાર્થી તરીકે પણ હોશિયાર હતા. એમની તેજસ્વી બુદ્ધિ જોઈને એમના શિક્ષક વારંવાર કહેતા : "મોટપણમાં આ તુકો મોટો પંડિત થવાનો છે."

બાર વર્ષની વયે તુકારામનાં લગ્ન થયાં હતાં. તેમની પત્નીનું નામ રખુમાઈ હતું. રખુમાઈ બહુ શાંત અને સરળ હતાં. પરંતુ એકએ વર્ષમાં તેમને દમનો રોગ લાગુ પડ્યો અને તે સાજાં થાય કે કેમ એની બધાંને શંકા ગઈ. એટલે તુકારામનાં માતપિતાએ તુકારામનું બીજું લગ્ન કર્યું. તેમની બીજી પત્નીનું નામ જીજાઈ હતું. તે પતિ-પરાયણ હતાં, પરંતુ બહુ જ ઉગ્ર સ્વભાવનાં હતાં. તેથી તુકારામને ઘણી વાર સહન કરવું પડતું.

તુકારામને બે ભાઈઓ અને એક બહેન હતાં. એમના મોટાભાઈ સાવજીને નાનપણથી જ સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. તેથી ઘરડાં માબાપ તેમ જ આખા કુટુંબનો ભાર સાવજીથી નાના તુકારામ ઉપર આવી પડ્યો. તેર વર્ષની વયે તુકારામને પોતાના પિતાના વેપારમાં જોડાવાનું થયું.

ચારેક વર્ષ આમ બરોબર ચાલ્યું. પછી તુકારામનાં માતાપિતાનું અવસાન થયું. મોટાભાઈ સાવજીની પત્ની પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરી ગઈ, એટલે તે સંન્યાસી બનીને ચાલ્યો ગયો. આથી આખા કુટુંબની જવાબદારી તુકારામ પર આવી પડી.

સંત તુકારામ બહુ ઉદાર દિલના અને પ્રામાણિક વેપારી હતા. ઘરાક તથા બીજા વેપારી લોકો તુકારામની ઉદારતાનો ખોટો લાભ લેતા. એટલે વેપારમાં ખોટ આવવા લાગી. પિતાજીની બધી મિલકત એમાં ખલાસ થઈ ગઈ. પછી તુકારામે એક નાની દુકાન કાઢી અને "વિઠ્ઠલ, વિઠ્ઠલ" એવું સ્મરણ કરતા તે ત્યાં બેસવા લાગ્યા. પણ એમાં તે બહુ ફાવ્યા નહિ.

એવામાં મહારાષ્ટ્રમાં ભારે દુકાળ પડ્યો. એમાં સંત તુકારામનાં પહેલાં પત્ની રખુમાઈ અન્ન વિના ટળવળતાં મરણ પામ્યાં! આ બધી આફતોને લીધે તેમને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઊપજ્યો. દુનિયાદારીનું દુઃખ વીસરી જવા તે એકાંતવાસ સેવવા લાગ્યા. તે ભીમનાથ પર્વત પર જઈ ધ્યાન ધરવા લાગ્યા. તેમનાં બીજાં પત્ની જીજાઈ રોજ ત્યાં જતાં અને તેમને સમજાવીને ખવરાવી આવતાં. આમ, ઘરની તેમ જ તુકારામની જવાબદારી સંભાળવા જતાં જીજાઈને ઘણી મુશ્કેલી પડતી. એટલે એક દિવસ તેમણે સંત તુકારામને સમજાવીને કહ્યું કે, તમે ઘેર રહીને જ ભગવાનનું ભજનકીર્તન કર્યા કરો. પછી તે તેમને પોતાની સાથે ઘેર લઈ આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર આવી પિતાના સમયથી જ જે લોકોને ત્યાં પોતાનું માગતું લેણું હતું, તે બધાનાં ખાતાં સંત તુકારામે બહાર કઢાવ્યાં અને પોતે ઈંદ્રાયણી નદીમાં તેમને ડુબાડી દેવા તૈયાર થયા.

પણ તુકારામના નાના ભાઈ કહાનોબાએ તેમને હાથ જોડી કહ્યું : "મોટાભાઈ, તમે તો સાધુ જેવા થઈ ગયા છો, પણ મારે હજુ મારાં બાળબચ્ચાંને મોટાં કરવાનાં છે. જો તમે બધાં ખાતાં આમ પાણીમાં ડુબાડી દેશો, તો મારે ભીખ માગવાનો જ વખત આવશે!"

સંત તુકારામને નાનાભાઈની વાત સાચી લાગી. એટલે તેમણે પોતાના અડધા ભાગનાં જ ખાતાં પાણીમાં ડુબાડી દીધાં.

આમ દુનિયાદારીની ચિંતામાંથી મુક્ત થઈ સંત તુકારામ શ્રીવિઠ્ઠલને ભરોસે ભજનકીર્તન કરવા લાગ્યા. એમ કહેવાય છે કે, એક વાર તુકારામને સ્વપ્નમાં બાબા ચૈતન્યે ગુરુમંત્ર આપ્યો. ત્યારથી તુકારામ "રામકૃષ્ણ હરિ"નો જપ કરવા લાગ્યા. તેથી તેમને ઘણી શાંતિ મળવા લાગી. વળી એક દિવસ સંત તુકારામને શ્રીવિઠ્ઠલ અને નામદેવ મહારાજ સ્વપ્નમાં દેખાયા. તુકારામને તેઓએ એવી આજ્ઞા કરી કે, "હવે તું અભંગો લખતો જા. તને જે વાણી મળી છે તે ફોગટ ન જવા દઈશ. અમારી તારા ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરેપૂરી કૃપા છે.'' અને તે વખતથી તુકારામ અભંગો લખવા લાગ્યા.

વળી સંત તુકારામમાં પરોપકારની વૃત્તિ પણ પ્રબળ હતી. રસ્તે ચાલતાં કોઈ વટેમાર્ગુ માથે ભાર લઈને જતો મળે, તો તે તેનો બોજો ઉપાડી લેતા અને થોડી વાર વિશ્રાંતિ આપતા; વરસાદમાં કોઈ ભીંજાઈ ગયેલું મળે, તો તેને પહેરવા–ઓઢવાનું વસ્ત્ર આપતા; જત્રાએ નીકળ્યા હોય, ત્યારે ચાલતાં ચાલતાં કોઈ જત્રાળુના પગ થાકી કે સૂજી જાય, તો તે પગ દાબી આપતા અથવા ગરમ પાણી કરી શેક કરતા; કોઈ જત્રાળુ બિમાર પડી ગયો હોય, તો તેની સેવાચાકરી કરતા અને જરૂર જણાય તો ઘેર પહોંચાડી આવતા; કોઈ દુર્બળ ગાય, બળદ કે બીજું કોઈ જનવર જોવા મળે, તો તેને દાણોપાણી ખવડાવતા; નદીએથી કોઈ પાણી ભરીને આવતાં જો થાકેલું કે માંદલું દેખાય, તો તેનું બેડું પોતે ઉપાડી લેતા; કોઈ ઘરનાં આડોશીપાડોશી કશી ચીજ મંગાવે, તો તરત લાવી આપતા. કોઈ વખતે આવા પરોપકારના કામમાં તે પોતાના ઘરનો પણ ખ્યાલ કરવાનું ભૂલી જતા. એવો એક પ્રસંગ જાણવા જેવો છે. આમ તો તુકારામના ઘરની આર્થિક સ્થિતિ સારી નહોતી. જીજાઈ પાસે પણ સાજસંસમાં પૂરતાં વસ્ત્ર નહોતાં. કયું લૂગડું પહેરવું એની જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને રોજ ચિંતા થતી. આવી દશામાં પણ એક વાર સંત તુકારામ ઘર બહાર બેઠા બેઠા ભજન કરતા હતા, ત્યારે એક ગરીબ હરિજન બાઈ ભીખ માગતી કરગરતી ત્યાં આવીને ઊભી. તે બાઈની સાડી સાવ ચીંથરેહાલ હતી. આ જોઈને તુકારામનું હૃદય દયાથી ભીનું થઈ ગયું. તે વખતે જીજાઈની એક સાડી બહાર સુકાવા નાખી હતી. તુકારામનું ધ્યાન એ ઉપર પડ્યું; તેમણે તરત જ એ સાડી પેલી ગરીબ બાઈને આપી દીધી!

આમ, અભંગો રચવા, ભજન કીર્તન દ્વારા લોકોને સદુપદેશ આપવો, જનસેવા કરવી, એ જ તુકારામનું કાર્ય થઈ પડ્યું. પણ સાથોસાથ બીજા સંતોના જીવનમાં બન્યું છે એમ, તુકારામને દ્વેષીલા લોકો તરફથી વારે વારે કનડગત થવા લાગી.

દેહુ ગામમાં શ્રીવિઠ્ઠલ મંદિરને અડીને જ મંબાજી નામના ગોસાંઈનું મકાન હતું. તે સંત તુકારામની વધતી જતી ખ્યાતિ જોઈને મનમાં ખૂબ જ ધૂંધવાતો હતો. ગામલોકોને મનમાં ઓછું ન લાગે અને પોતાનું બૂરું ન દેખાય એ માટે કમને પણ તુકારામનું કીર્તન સાંભળવા તે મંદિરે જતો. તુકારામને એના મનની વાત સમજાઈ હતી. તોયે તે તો મંબાજી પર પ્રેમભાવ જ રાખતા. જો કોઈ વાર મંબાજીને આવતાં મોડું થાય, તો તુકારામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીર્તન શરૂ કરવામાં વિલંબ કરતા અને કોઈ વાર તેને બોલાવવા માણસને પણ મોકલતા. પરંતુ એની અસર મંબાજી પર જરાય પડતી નહીં. તે તો તુકારામ પર વધારે ને વધારે દ્વેષભાવ જ ધરાવતો ગયો તથા કચારે લાગ મળે અને તુકારામને સીધોદોર કરી મૂકું એની જ તે રાહ જોતો હતો.

એક વાર શ્રીવિઠ્ઠલ મંદિરને પરિક્રમા કરવાનો પર્વ હતો. મંબાજીએ પોતાના મકાન અને મંદિરની વચ્ચેના ભાગમાં ફૂલછોડ રોપી નાનો બગીચો બનાવ્યો હતો. એ ફૂલછોડનું રક્ષણ કરવા માટે તેણે કાંટાની ફરતી વાડ બનાવી હતી. સંત તુકારામને થયું કે, લોકો પરિક્રમા આ રસ્તે થઈને ફરશે, તો આસપાસ પડેલા કાંટા તેમને પગમાં ભોંકાશે. તેથી તે કાંટાને વીણીને એકઠા કરતા હતા. આ જોઈને મંબાજીને લાગ્યું કે, વઢવાડ કરવાનો આ ઠીક લાગ છે. એટલે તે તરત જ ત્યાં જઈને વાડને નુકસાન કરવાનું બહાનું કાઢીને તુકારામને કાંટાળી વાડનાં ઝાંખરાં વડે મારવા લાગ્યો. તે સાથે તુકારામને એલફેલ પણ બોલ્યે જતો હતો. મારતાં મારતાં તુકારામને અધમૂઆ જેવા કરી મૂકયા. સંત તુકારામ તો આ બધું શાંતિથી સહન કર્યે જતા હતા. તેમણે મુખેથી એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો. તે મૌન સેવીને પોતાને ઘેર ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દિવસે સાંજે મંદિરમાં કીર્તન હતું. સંત તુકારામ કીર્તન સમયે ત્યાં વખતસર પહોંચી ગયા. પરંતુ મંબાજીને હજી આવેલો ન જોઈને તેને તેડવા તે પોતે તેને ઘેર ગયા. તે વખતે મંબાજીની તબિયત અચાનક બગડી ગઈ હતી. તુકારામે તેને પથારીમાં પડેલો જોઈને તેના પગ આગળ બેસી જઈને તેના પગ દબાવતાં દબાવતાં દીન સ્વરે કહ્યું: "દોષ તો મારો જ છે. મેં તમારી વાડને નુકસાન થાય એવું ન કર્યું હોત, તો તમને પણ ગુસ્સો ન આવત. મને બહુ દુઃખ થાય છે કે, આપના હાથ અને મોંને મારે લીધે તકલીફ પડી." આમ કહેતાં સંત તુકારામની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

સંત તુકારામનું આવું સૌજન્ય જોઈને મંબાજીનું હૃદય પીગળ્યું; તેને પોતાના દુષ્કૃત્ય માટે પસ્તાવો થયો; તે શરમાઈ ગયો. તે તરત જ પોતાનું શારીરિક દુઃખ ભૂલી ગયો અને તુકારામની સાથે કીર્તનમાં ગયો.

આ પ્રસંગ કરતાં પણ રામેશ્વર ભટ્ટ સાથેનો તેમનો પ્રસંગ વધારે જાણીતો છે.

પૂના પાસે વાઘોલી ગામમાં રામેશ્વર ભટ્ટ નામનો મોટો પંડિત રહેતો હતો. સંત તુકારામની કીર્તિ બધે ફેલાયેલી જોઈને તે ઈર્ષાથી બળવા લાગ્યો. તેણે તુકારામને પોતાની પાસે બોલાવ્યા. રામેશ્વર ભટ્ટ જેવા વિદ્વાન માણસ મળવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવે અને તુકારામ ન જાય એ બને જ શી રીતે? એટલે તુકારામ ભટ્ટજીને મળવા વાઘોલી ગયા.

રામેશ્વર ભટ્ટે તોછડાઈથી કહ્યું : "અલ્યા તુકચા, તું વેદની વાતો કરી લોકોને ઊંધે રસ્તે લઈ જાય છે. તું જન્મે શૂદ્ર છે. વેદ અને ધર્મની વાતો કરવાનો તને શો અધિકાર છે? માટે આજથી તું અભંગો લખવાનું છોડી દે. સમજ્યો કે?"

સંત તુકારામ હાથ જોડીને નમસ્કાર કરીને બોલ્યા : "મહારાજ, હું તો શ્રી પાંડુરંગની આજ્ઞાથી જ અભંગો લખતો હતો. પણ જ્યારે આપ આજ્ઞા કરો છો, ત્યારે હવે આજથી હું અભંગો નહિ લખું. પણ આજ લગી જે અભંગો લખ્યા છે તેનું શું કરું?"

રામેશ્વરે જવાબ આપ્યો : "તે બધા તું ઈંદ્રાયણી-માં ડુબાડી દે!"

સંત તુકારામ એ સાંભળી ભારે હૈયે ઘેર આવ્યા. પછી બધા અભંગો ભેગા કરી, એક કપડામાં વીંટાળી, તેના ઉપર મોટા પથરા બાંધી તેમણે તેમને ઈંદ્રાયણીમાં પધરાવી દીધા! તુકારામને થયું, શ્રીવિઠ્ઠલની ઇચ્છા આ રીતે ભજનકીર્તન કરાવવાની નથી, તો પછી જીવીને કરવુંયે શું? એટલે તુકારામ ખાવુંપીવું છોડી, શ્રીવિઠ્ઠલના મંદિર સામે ભગવાનનું નામ જપતા બેઠા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ તેર દિવસ પસાર થઈ ગયા. ચૌદમે દિવસે સવારે એક ભક્તે આવી સંત તુકારામને કહ્યું : "અરે મહારાજ, ચાલો, ચાલો; આપના અભંગોની પોથી ઈંદ્રાયણીનાં પાણી ઉપર તરે છે!"

સંત તુકારામ સફાળા બેઠા થઈ ગયા અને ભગવાનનું નામ જપતા આનંદ પામતા દોડ્યા. ઈંદ્રાયણીનાં પાણી ઉપર પોથીને તરતી જોઈને તે ઘેલા જેવા બની ગયા અને ખૂબ આનંદથી તેમણે પોથી ઉપાડી લીધી.

આ તરફ રામેશ્વર મહારાજને પણ પસ્તાવો થવા લાગ્યો અને છેવટે તે તુકારામના શિષ્ય બન્યા.

તુકારામની કીર્તિ દિવસે દિવસે વધતી જ જતી હતી. છત્રપતિ શિવાજી મહારાજે એક વાર ઘોડા, પાલખી, નજરાણાં વગેરે સાથે પોતાના માણસોને મોકલી તુકારામને પોતાને ત્યાં આવવાનું નિમંત્રણ આપ્યું.

સંત તુકારામે શિવાજીને નજરાણાં વગેરે પાછાં મોકલાવી સાથે સંદેશો પાઠવ્યો : "શિવબા, મારે તમારી પાસે આવીને શું માગવું છે! નકામો ઈશ્વરભક્તિમાં મારો એટલો વખત બગડશે. મારે મન સોનું અને માટી બંને સરખાં છે. હું તો રાજમાં અને કીડીમાં ભગવાનનો જ વાસ જોઉં છું. મારે હવે જીવનમાં કંઈ આશા કે મોહ રહ્યાં નથી. વિઠોબાની ભક્તિ સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે મને બીજું કાંઈ સૂઝતું નથી. તમે રાજા છો તો સત્યથી અને નીતિથી રાજ્ય કરજો, પ્રજાનું યોગ્ય રીતે પાલન કરજો, ધર્મ ઉપર શ્રદ્ધા રાખજો, અનાથનું રક્ષણ



વિઠોબાનું મંદિર — પંઢરપુર

કરજો અને વિઠોબાની ભક્તિ કરજો. આટલું કરશો તો મને નજરાણાં મળ્યા બરાબર જ છે.''

આ સંદેશો સાંભળીને શિવાજી મહારાજનો તુકારામ પ્રત્યેનો આદર ખૂબ વધી ગયો અને તેઓ વારે વારે તુકારામનું કીર્તન સાંભળવા જવા લાગ્યા.

ધીમે ધીમે તુકારામ મહારાજને લાગવા માંડ્યું કે, ''હવે હું વૃદ્ધ થઈ ગયો. આ જીવનનું મારું કાર્ય હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરું થવા આવ્યું.'' વૃદ્ધાવસ્થાને લીધે નિયમ મુજબ તેમનાથી પંઢરપુરની યાત્રા પણ થઈ શકતી ન હતી. એક દિવસ તેમણે ભક્તજનોને ભેગા કર્યા અને છેવટના અભંગો સંભળાવીને ઈ. સ. ૧૬૫૦ના અરસામાં શ્રી-વિઠ્ઠલનું નામ જપતાં જપતાં સમાધિ લીધી.

આમ મહારાષ્ટ્રના એક મોટા સંત પુરુષ તુકારામે પોતાની જીવનલીલા પૂરી કરી. પરંતુ એમના અભંગો જ્યાં સુધી મરાઠી ભાષા જીવતી રહેશે ત્યાં સુધી ગવાતા રહેશે.

સંત તુકારામની વાણી

(મરાઠી અભંગ)

૧

પવિત્ર તેં કુળ પાવન તો દેશ,
જેથેં હરિચે દાસ જન્મ ઘેતી. ૧

કર્મધર્મ ત્યાચે જલા નારાયણ,
ત્યાચેનિ પાવન તિન્હી લોક. ૨

વર્ણઅભિમાનેં કોણ જલે પાવન,
ઐસેં દ્યા સાંગૂન મજપાશીં. ૩

અંત્યજાદિ યેાની તરલ્યા હરિભજનેં,
તયાંચીં પુરાણેં ભાટ જલીં. ૪

વૈશ્ય તુળાધાર, ગોરા તો કુંભાર,
ધાગા હા ચાંભાર રોહિદાસ. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબીર મોમીન, લતિફ મુસલમાન,
સેના ન્હાવી આણિ વિષ્ણુદાસ. ૬
કાન્હોપાત્રા ખોદુ, પિંજરી તો દાદુ,
ભજનીં અભેદુ હરિચે પાયીં. ૭
ચોખામેળા ણંકા જતીચા મહાર,
ત્યાસી સર્વેશ્વર ઐકય કરી. ૮
નામયાચી જની કોણુ તિચા ભાવ,
જેવી પંઢરીરાવ તિયેસવેં. ૯
મૈરાળ જનક કોણુ કુળ ત્યાચેં,
મહિમાન તયાચેં કાય સાંગો. ૧૦
યાતાયાતીધર્મ નાહીં વિષ્ણુદાસા,
નિર્ણય હા ઐસા વેદશાસ્ત્રીં. ૧૧
તુકા મ્હણે તુમ્હીં વિચારાવે ગ્રંથ,
તારિલે પતિત નેણેાં કિતી. ૧૨

૨

ચિત્ત શુદ્ધ તરી શત્રુ મિત્ર હોતી;
વ્યાઘ્રહી ન ખાતી સર્પ તયા. ધ્રુવ
વિષ તેં અમૃત આઘાત તેં હિત;
અકર્તવ્ય નીત હોય ત્યાસી. ૧
દુઃખ તેં દેઈલિ સર્વ સુખ ફળ;
હોતીલ શીતળ અગ્નિ જ્વાળા. ૨
આવડેલ જીવાં જીવાચિયે પરી;
સકળાં અંતરીં એક ભાવ. ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુકા મહણે કૃપા કેલી નારાયણેં;
જાણિજે તે યેણું અનુભવેં.

(ગુજરાતી અનુવાદ)

૧

પવિત્ર તે કુળ, પાવન તે દેશ,
જ્યાં હરિના દાસ ધરે જન્મ. ૧

કર્મધર્મ તેનાં સર્વ નારાયણ,
તેનાથી પાવન ત્રણે લોક. ૨

વર્ણ-અભિમાને થયા જે પાવન,
જણાવો, સુજાણ, તેનાં નામ. ૩

અંત્યજાદિ વર્ણો તર્યા હરિનામે,
ગાયો છે પુરાણે તેનો યશ. ૪

વૈશ્ય તુલાધાર, ગોરો તો કુંભાર,
મોચીડો ચમાર રોહીદાસ. ૫

કબીર મોમીન, લતીફ મુસલમાન,
સેનો નાવી[૧], જાણ, વિષ્ણુદાસ. ૬

દાદુ તે પીંજરો, કાનોપાત્રા[૨], ખોજા[૩],
પામ્યા તે અભેદ પ્રભુ પદે. ૭

ચોખામેળો, બંકો જાતિના મહાર[૪],
તેણું સર્વેશ્વર ઐકય કરે. ૮

---

૧. હજામ. ૨. વેશ્યા હતી. ૩. નપુંસક હતો. ૪. ઢેડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪

નામા[1] તણી જની, કેવો તેનો ભાવ?
જમે પંઢરીરાવ તેના ભેળા! ૯

મૈરાળ જનક, નહિ કુળ જાણું,
માહાત્મ્ય શું તેનું કહેવું મુખે? ૧૦

જાતિપાંતિ ધર્મ વૈષ્ણવને નહોય,
કર્યો છે નિર્ણય વેદશાસ્ત્રે. ૧૧

તુકો કહે તમે ખોળી જુઓ ગ્રંથ,
કેટલા પતિત તાર્યા આગે. ૧૨

૨

ચિત્ત શુદ્ધ હો તો શત્રુ મિત્ર થાયે;
વાઘે નહિ ખાયે, સર્પ તેને. ધ્રુવ

વિષ તે અમૃત, આઘાત તે હિત;
અકર્તવ્ય તે નીત[2], થાયે તેને. ૧

દુઃખ પણ દેતું સર્વ સુખ ફળ;
થાતી તે શીતળ, અગ્નિ જ્વાળ. ૨

જીવ જેવો વહાલો, લાગે એ જીવોને;
અંતરે સહુને એક ભાવ. ૩

તુકો કહે કૃપા કરે નારાયણ;
થાય તે સુજાણ સ્વાનુભવે. ૪

---

૧. નામદેવ. ૨. અકર્તવ્ય તે કર્તવ્યરૂપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

રામદાસ સ્વામી

મહારાષ્ટ્રના બધા સંતોમાં સમર્થ રામદાસ સ્વામીનું સ્થાન અનોખું છે. સમર્થ રામદાસનો જન્મ ઈ. સ. ૧૬૦૮માં થયો હતો. તે દિવસ ચૈત્ર સુદ નવમીનો, એટલે કે પવિત્ર રામનવમીનો હતો. રામદાસનું બાળપણનું નામ નારાયણ હતું.



બાર વર્ષની વયે તે ઘર છોડી ચાલ્યા ગયા અને નાશિક પાસે ટાંકળી ગામ નજીક ગોદાવરી તીરે બાર વર્ષ સુધી તેમણે તપ કર્યું. ગોદાવરીના પાણીમાં ઊભા રહીને તે રામનામનો જાપ જપતા. એમ કરતાં તેમને જીવનનું ગૂઢ રહસ્ય સમજાયું અને તેમને આત્મસાક્ષાત્કાર થયો. ત્યારથી તે નારાયણ મટી રામદાસ — રામના દાસ — કહેવાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તરમા સૈકાનો હિંદનો દેશકાળ લોકો માટે ખૂબ સંકટનો સંક્રાંતિકાળ હતો. રાજ્યમાં અને લોકજીવનમાં ભારે અથડામણ જાગી હતી. આત્મજ્ઞાન પામીને સ્વસ્થ બનેલા સ્વામી રામદાસ તે નિહાળવા લાગ્યા. તે અર્થે બાર વર્ષ દેશમાં બધે તેમણે પરિભ્રમણ કર્યું. એમાં તેમણે જોયું કે, દેશમાં ધાર્મિક, નૈતિક, રાજકીય અને સામાજિક અવનતિ થઈ રહી છે. લોકોનાં દુઃખો એમાંથી પેદા થયાં છે. તેથી એ અવનતિ રોકવી જોઈએ. અંતરનાં ધર્મબળ અને શ્રદ્ધાથી જ એ બની શકે. લોકોમાં તે પ્રેરવા માટે રામદાસે દૃઢ સંકલ્પ કર્યો. તેમણે ઠેર ઠેર ત્યાગી વીર સાધુસેવકોની ભરતી કરીને મઠો સ્થાપ્યા તેમ જ હનુમાનમંદિરો સ્થાપીને હનુમાનજીની વીરતા અને બળની ઉપાસના ચાલુ કરી. મઠોમાં શાળાઓ ચાલતી અને હનુમાનમંદિરોમાં ઉપાસના થતી અને વ્યાયામ-પ્રવૃત્તિ ચાલતી.

આમ રામદાસે લોકોની ધાર્મિક, માનસિક અને શારીરિક શક્તિને વિકસાવવાનું સેવાકાર્ય ઉપાડ્યું. ઘણા લોકો તેમના શિષ્યો થવા લાગ્યા. તેમાં સારા સારા વિદ્વાનો, પ્રખર પંડિતો અને એકનિષ્ઠ સાધુઓ પણ ભળવા લાગ્યા. તે વખતના જાણીતા સંત તુકારામ, મોરયા ગોસ્વામી વગેરે પણ તેમની તરફ આકર્ષાયા. સંત તુકારામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે જ છત્રપતિ શિવાજી મહારાજને સમર્થ રામદાસના સમાગમમાં આવવાની અનુજ્ઞા આપી હતી. અને આગળ જતાં શિવાજી મહારાજે સમર્થ રામદાસ સ્વામીને ગુરુપદે પણ સ્થાપ્યા હતા, તેમ જ છેવટ સુધી તેમની આજ્ઞાનુસાર રાજ્ય ચલાવીને મહારાષ્ટ્રમાં સુવ્યવસ્થા સ્થાપી હતી.

આમ ૭૩ વર્ષની વય સુધી ધર્મકાર્ય બજાવીને સમર્થ રામદાસ સ્વામી ઈ. સ. ૧૬૮૧માં સ્વર્ગવાસ પામ્યા. સમર્થ રામદાસ સ્વામીએ પોતાની વાણીને પણ કાવ્યરૂપે અમર કરી છે. સમર્થનો 'દાસબોધ' ગ્રંથ મહારાષ્ટ્રમાં બધે સુવિખ્યાત છે. તેમની 'મનાચે શ્લોક' અથવા 'મનોબોધ' એ રચના તો મહારાષ્ટ્રની ગીતા બની રહી છે. એમાં ભુજંગી છંદમાં લખાયેલા ૨૦૫ શ્લોકો છે. એ મનનીય 'મનોબોધ' મરાઠી ભાષામાં છે, છતાં તેની ભાષા આપણને સમજાય એવી સરળ છે. એમાંના ત્રણેક શ્લોક અહીં આપ્યા છે.

રામદાસની વાણી

મના સજ્જના ! ભક્તિપંથેંચિ જાવેં,
તરી શ્રીહરી પાવિજે તો સ્વભાવેં;
જનીં નિંદ્ય તેં સર્વ સોડૂનિ દ્યાવેં,
જનીં વંદ્ય તેં સર્વ ભાવેં કરાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મના, પાપસંકલ્પ સોડૂનિ દ્યાવા,
મના, સત્યસંકલ્પ જીવીં ધરાવા;
મના, કલ્પના તેં નકો વીષયાંચી,
વિકારેં ઘડે હો જની સર્વ છી છી.

મના, સર્વથા મિથ્ય માંડૂં નકો રે,
મના, સર્વથા સત્ય સાંડૂં નકો રે;
મના, સત્ય તેં સત્ય વાચે વદાવેં,
મના, મિથ્ય તેં મિથ્ય સોડૂનિ દ્યાવેં.

[—હે ભલા મારા મન! ભક્તિને માર્ગે જ તારે જવું જોઈએ; તો સહેજે શ્રીહરિને પ્રાપ્ત કરી શકાય છે. લોકોમાં જે નિંદ્ય હોય તે બધું છોડી દેવું જોઈએ અને વંદ્ય કે પ્રશસ્ય હોય તે પૂરા ભાવથી કરવું જોઈએ.

—હે મન! પાપનો સંકલ્પ છોડવો જોઈએ અને અને સત્ય સંકલ્પને દૃઢતાપૂર્વક વળગી રહેવું જોઈએ. હે મન! વિષયોનો વિચાર પણ તું છોડી દે. કારણ વિકારને લીધે જ દુનિયામાં માણસનો બધે તિરસ્કાર થાય છે.

—હે મન! કોઈ પણ ભોગે તું સત્યનો ત્યાગ કરીશ નહીં તેમ જ અસત્યની રજૂઆત કરીશ નહીં. હે મન! જે કંઈ સાચું હોય તે જ વાણીથી બોલવું જોઈએ અને જે બોટું હોય તેનો મિથ્યા સમજીને ત્યાગ કરવો જોઈએ.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં કેટલાંક પુસ્તકો

પ્રાચીન શીલકથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,,	૦–૭–૦
વેર અને અવિચાર	,,	૦–૬–૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦-૧૨-૦
શીલ અને સદાચાર	,,	૦–૬–૦
મોટાં માણસોનાં મન	,,	૦–૯–૦
પચાસ પ્રેરક પ્રસંગો	,,	૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો	,,	૦-૧૦-૦
ભક્તરાજ	,,	૧–૦–૦
જાણવા જેવી વાતો	,,	૦–૬–૦
સ્વરાજ એટલે શું	મગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,,	૦–૬–૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar